# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૫/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)
———————————————————————————————————

# ચેમ્બરની મહિલા વીંગ દ્વારા મહિલા દિવસની ઉજવણી કરાઇ, વૈદુભગત મહિલાઓનું સન્માન કરાયુ

સુરત : ચેમ્બર તથા તેની મહિલા વીંગ અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી શ્રી પછાત મહિલા વિકાસ મંડળ ભાવનગર દ્વારા અઠવાલાઇન્સ સ્થિત ઉમરા પોલીસ મથકની બાજુમાં એસએમસી પાર્ટીપ્લોટ ખાતે ‘આદિવાસી પરંપરાગત વૈદુભગતો દ્વારા વૈદુ તથા ઔષધીય વનસ્પતિ પ્રદર્શન મેળો’નું આયોજન કરવામાં આવ્યુ છે. આ મેળામાં જ વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ચેમ્બરની મહિલા વીંગ દ્વારા ૪થી માર્ચના રોજ સાંજે મહિલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ સન્માન કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ચેમ્બરની મહિલા વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વી મહેતાએ જણાવ્યુ હતુ કે, નારીમાં રહેલી શકિતને સ્વીકારવા તેમજ તેને પ્રોત્સાહિત કરવા માટે ચેમ્બરની મહિલા વીંગ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને વૈદુભગત મહિલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ મહિલાઓ ખરેખર સન્માનનીય છે. કારણ કે આજના યુગમાં લોકોને વિવિધ રોગોમાંથી કાયમી મુકિત અપાવવા માટે જંગલોમાં રહેલી દુર્લભ વનસ્પતિઓને શોધી તેમાંથી આયુર્વેદિક દવા બનાવે છે અને ખૂબ જ નજીવા દરે લોકો સુધી પહોંચાડી સમાજને એક પ્રકારે રોગમુકત બનાવવાનો પ્રયાસ કરી રહયાં છે. તેઓના આ પ્રયાસને બિરદાવવા માટે મહિલા વીંગ દ્વારા સુશ્રી હેમલતા વિજયભાઇ નાયક, સુશ્રી સુંદરી દિનેશ મહાલે, સુશ્રી મંજુળા મુકેશ પટેલ તેમજ આ તમામને સુરત સુધી લઇ આવનાર સુશ્રી જયશ્રી બાબરીયાનું સન્માન કરવામાં આવ્યુ હતુ. સાથે જ ૩૦થી વધુ વર્ષોથી સેવા આપનાર ચેમ્બરના સેવિકા શ્રીમતી લતિકા ગાયકવાડનું પણ સન્માન કરવામાં આવ્યુ હતુ. સુરતના મહિલા નગરસેવિકા શ્રીમતી રૂપલ શાહના હસ્તે મહિલાઓનું સન્માન કરાયુ હતુ.

આ કાર્યક્રમ દરમિયાન ટ્રાયબલ ડિપાર્ટમેન્ટ અમદાવાદના જોઇન્ટ સેક્રેટરી શ્રી યોગેશ પટેલ દ્વારા ડાંગી નૃત્ય કરનારા કલાકારોની આખી ટીમ મોકલી હતી. આ ટીમે ખૂબ જ સરસ ડાંગી નૃત્ય રજૂ કર્યુ હતુ, જે જોઇને સુરતવાસીઓ આ મેળામાં મંત્રમુગ્ધ થઇ ગયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા વીંગના સભ્ય શ્રીમતી સ્વાતી શેઠવાલાએ કર્યુ હતુ. કાર્યક્રમના અંતે મહિલા વીંગના કો–ચેરપર્સન શ્રીમતી પૂનમ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.